**DATE: 18/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ઝાડેશ્વર વિસ્તારમાં જુગાર રમતા ચાર ઈસમો પકડાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરી પોલીસ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન બાતમી મળતા પોલીસ ભરૂચના ઝાડેશ્વર વિસ્તારમાં આવેલા કોઠી ફળીયામાં માતાની ડેરી પાસે તપાસ કરતા જુગાર રમતા ચાર ઈસમો ઝડપાયા હતા. જેમાં નવીન પટેલ, અજય વસાવા, કાલિદાસ વસાવા, ભાવેશ વસાવા ની તપાસ કરતાં રોકડ રૂપિયા 1,990 અને દાવ પરથી 3,410 મળી કુલ રૂપિયા 5,400 જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની કાર્યવાહીના પગલે જુગારીયાઓમાં ફફડાટ છે.

**DATE: 18/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

# અંકલેશ્વર પાસેના લક્ષ્મણ નગરમાંથી ગેરકાયદેસર ગેસ રિફીલિંગનું કૌભાંડ ઝડપાયું

અંકલેશ્વર : અંકલેશ્વરના સારંગપુર ગામના લક્ષ્મણ નગરમાં કાલીમાતા મંદિર નજીક દુકાન પાછળના ભાગે ગેરકાયદેસર રીતે ગેસ રીફીલીંગ કૌભાંડ ચાલી રહ્યું છે.જેવી બાતમીના આધારે અંકલેશ્વર જી.આઈ.ડી.સી.પોલીસે દરોડા પાડ્યા હતા પોલીસે સ્થળ પરથી ગેસના ૩ સીલીન્ડ અને રીફીલીંગ તેમજ વજન કાંટો સહિતના મુદ્દામાલ સાથે લક્ષ્મણ નગરમાં રહેતો બક્ષીકુમાર રોશન ખત્રીને ઝડપી પાડ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે અંકલેશ્વર જીઆઈડીસીના પર પ્રાંતીય વિસ્તારોમાં ગેર કાયદેસર ગેસ રિફીલિંગનું કૌભાંડ મોટાપાયે ધમધમે છે જેમાં જોખમી રીતે મોટા સિલિન્ડરમાંથી નાના સિલિન્ડરમાં ગેસ ટ્રાન્સફર કરવામાં આવે છે. છેલ્લા એક માસમાં ગેર કાયદેસર ગેસ રિફીલિંગના ૮થી વધુ બનાવ પોલીસ ચોપડે પણ નોંધાઈ ચુક્યા છે.

**DATE: 19/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# ભાડુઆતની નોંધણી ન કરાવતા માલિક સામે ફરિયાદ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં પોલીસ વિભાગ ભાડુઆત ની નોંધણી પોલીસ મથકે કરાવી છે કે નહીં તેની તપાસ માં હતા તે દરમિયાન પોલીસ વિભાગે રહિયાદ ગામના લખાબાવા નગર, વડદલા રોયલ સોસાયટી માં દુકાન ભાડુઆત અને દહેજ ગામ ના ઋષિરૂપ સોસાયટીમાં રહેતા ભાડુઆત નું ઘર માલિકે નજીકના પોલીસ સ્ટેશનમાં નોંધણી નહીં કરાવી હોવાના કારણે પોલીસે ઘર માલિક સામે ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 19/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ગેરકાયદે સીમકાર્ડ અને મોબાઈલ જેવા વાંધાજનક વસ્તુની તપાસ

# ભરૂચ- અંકલેશ્વરની સબ જેલમાં 18 કર્મી, 2 અધિકારીનું 2 કલાક ચેકિંગ

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં પોલીસ વિભાગ કાર સહિતના વાહનોનું ચેકિંગ કરી રહી છે. ત્યારે આજે મંગળવારે ભરૂચ અને અંકલેશ્વરની સબ જેલમાં એસઓજી સહિતની ટીમે તપાસ કરી હાથ ધરી હતી. સબ જેલની અંદર 18 કર્મચારી અને 2 અધિકારીએ જાતે જઈને સબ જેલમાં કોઈ ગેર કાયદેશર સીમકાર્ડ કે મોબાઈલ જેવા વાંધાજનક વસ્તુ અંદર રાખવામા આવે છે કે નહીં તે બાબતે ગંભીર પ્રકારના ગુનાના આરોપી જે જેલમાં હતા તેમની પણ તપાસ કરવામાં આવી હતી. તેમજ કોઈ પણ પ્રકારની વાંધા જનક કઈ પ્રવૃત્તિ કરી નથી ને તેની પણ તપાસ કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ ભરૂચ અને અંકલેશ્વર ની સબ જેલ ની તપાસ બપોરે 12 વાગ્યાથી 2 વાગ્યા સુધી કરવામાં આવી હતી. જોકે તપાસ દરમિયાન કોઈ પણ વાંધાજનક કોઈપણ પ્રવૃત્તિ કે વસ્તુ મળી હતી નથી.



ભરૂચ અને અંકલેશ્વરની સબ જેલમાં એસઓજી ટીમે તપાસ હાથ ધરી

**DATE: 19/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યક્તિઓ પર સકંજો કસવા

# જંબુસરના સંવેદનશીલ વિસ્તારમાં વાહન ચેકિંગ-ફૂટ પેટ્રોલિંગ કરાયું

## અસામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ ઈસમોમાં ફફડાટ

। જંબુસર ।

ગુજરાત રાજ્યના પોલીસવડા વિકાસ સહાયે અમદાવાદ વસ્ત્રાલપુરની ઘટના બાદ એક્શનમાં આવી રાજ્યમાં આગામી ૧૦૦ કલાકમાં અસામાજીક તત્વોની યાદી તૈયાર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

જંબુસર વિભાગીય પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ જંબુસર પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર તથા સ્ટાફ ધ્વારા જંબુસર નગરમા અસામાજીક પ્રવૃતિ સાથે સંકળાયેલ તથા ગુનાહિત ઈતિહાસ ધરાવતા ઈસમોને બોલાવી કડકાઈ પુર્વક સુચના આપી હોવાના તથા નગરના સંવેદનશીલ વિસ્તાર સહિત નગરમા પેટ્રોલિંગ કરી વાહન ચેકિંગ હાથ ધરતા અસામાજીક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ ઈસમોમા ફફડાટ વ્યાપી ગયો હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે.

તાજેતરમા અમદાવાદમા બનેલ ઘટના ને પગલે રાજ્ય ના ગૃહમંત્રી હર્ષ સંઘવી તથા રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે લાલ આંખ કરી રાજયમા અસામાજિક પ્રવૃત્તિઓને અટકાવવા અને તથા ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યક્તિઓ પર સકંજો કસવા માટે તમામ જીલ્લા પોલીસ અધિક્ષકો તથા કમિશનરો ને આપેલ આદેશ અન્વયે ગુજરાત પોલીસ હરકત મા આવી છે.

જેને લઈને ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન વિસ્તારના અસામાજીક તત્વોની યાદી તૈયાર કરી છે અને તે સંદર્ભે ગતરાત્રી ના જંબુસરના વિભાગીય પોલીસ અધિક્ષક પી.એલ ચૌધરીના માર્ગદર્શન હેઠળ જંબુસર પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર એ.વી. પાણમિયા તથા સ્ટાફે જંબુસર નગર મા અસામાજીક પ્રવૃતિ સાથે સંકળાયેલ તથા ગુનાહિત ઈતિહાસ ધરાવતા ઈસમોને બોલાવ્યા હતા. અને પોતાની પ્રવૃત્તિઓ બંધ કરવા કડકાઈ પુર્વક સુચના આપી હતી. આ ઉપરાંત નગર ના એન્ટ્રી પોઈન્ટ ખાતે જંબુસર પોલીસ ધ્વારા વાહન ચેકિંગ હાથ ધરવામા આવ્યુ હતુ. તેમજ વિભાગીય પોલીસ અધિક્ષક તથા પોલીસ ઈન્સ્પેક્ટર સહિત ના પોલીસ સ્ટાફે નગરના સંવેદનશીલ વિસ્તારો સહિત નગરના માર્ગો ઉપર ફૂટ પેટ્રોલિંગ કરતા અસામાજીક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ તથા ગુનાહિત ઈતિહાસ ધરાવતા ઈસમોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

### વાગરા પોલીસે અસામાજિક તત્વોની તપાસ સઘન બનાવી

ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં અસામાજીક તત્વોની યાદી તૈયાર કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે વાગરા પોલીસે નગરના સંવેદનશીલ વિસ્તારોમાં વિશેષ કામગીરી હાથ ધરી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર એસ.ડી.ફુલતરિયાની હાજરીમાં પોલીસ જવાનોએ વાહન ચેકીંગ કર્યું હતુ. સાથે જ વિવિધ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલીંગ કરી દારૂ અને અન્ય ગુનાઓમાં સંડોવાયેલા શંકાસ્પદ વ્યક્તિઓની પુછપરછ પણ કરવામાં આવી હતી. પોલીસની કડક કાર્યવાહીને પગલે અસામાજીક તત્વોમાં રીતસરનો ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

**DATE: 19/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# અંકલેશ્વરમાં પોલીસે ફૂટ પેટ્રોલિંગ કરીને અસામાજિક તત્વોને ચેતવણી આપી

અંકલેશ્વર તા.૧૮

અંકલેશ્વરના પોલીસ તંત્ર દ્વારા ગત સાંજે સમગ્ર શહેરમાં ફૂટ પેટ્રોલિંગ યોજ્યુ હતુ.પોલીસ અધિકારીઓએ વિવિધ વિસ્તારોમાં સ્થાનિક માથાભારે તેમજ ગુનાહિત પ્રવૃતિઓ સાથે સંકળાયેલા તત્વોને જાહેરમાં કડક કાર્યવાહીની ચેતવણી આપી હતી.વ ાપુરની ઘટના બાદ ડીજીપીએ રાજ્યમાં આગામી ૧૦૦ કલાકમાં અસામાજિક તત્વોની યાદી તૈયાર કરવાનો આદેશ આપ્યો છે.આ આદેશના પગલે અંકલેશ્વરમાં પોલીસે ગત સાંજે આ કાર્યવાહી હાથ ધરી હતી.

અંકલેશ્વરમાં ડીવાયએસપી ડો. કુશલ ઓઝાની આગેવાની હેઠળ ગત સાંજે શહેરના એ ડિવિઝન,બી ડિવિઝન અને જીઆઈડીસી પોલીસ મથકના વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ અને નાઈટ કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ.પોલીસે ગુનાઈત ભૂતકાળ ધરાવતા શંકાસ્પદ વ્યક્તિઓની પૂછપરછ કરી હતી.સાથે જ વાહન ચેકિંગ પણ હાથ ધરવામાં આવ્યુ હતુ.ખાસ કરીને પરપ્રાંતીય વસાહતોમાં વિશેષ તપાસ હાથ ધરી હતી.અસામાજિક પ્રવૃત્તિઓને અટકાવવા માટે કડક પગલા લેવામાં આવશે તેવી જાહેર ચેતવણી આપવામાં આવી હતી.

**DATE: 19/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે

# ભરૂચ પોલીસે ફૂટ પેટ્રોલિંગ સાથે વાહન ચેકિંગ હાથ ધર્યું

## એ,બી અને સી ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં કામગીરી કરાઈ

। ભરૂચ ।

ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે શહેર પોલીસ દ્વારા એ,બી અને સી. ડીવીઝન પોલીસ મથક વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ, વાહન ચેકીંગની સાથે ગુનાહીત ભૂતકાળ ધરાવતા લોકોને શોધી તેમની પુછપરછ કરી હતી જેના કારણે ગુનાહીત ભૂતકાળ ધરાવતા ઈસમોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ સોમવારની રાત્રિના ભરૂચ શહેર વિસ્તારમાં આવતા એ, બી અને સી ડીવીઝન પોલીસ દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલીંગ,



ભરૂચ પોલીસ દ્વારા નાગરિકોની પૂછપરછ કરાઈ હતી.

વાહન ચેકીંગ સાથે ગુનાહીત ભૂતકાળ ધરાવતા ઈસમોને તેમની હાલની કામગીરી અંગેની કડક પુછતાજ કરી તેની માહિતી મેળવી હતી.

જેમાં સ્ટેશન સર્કલ ખાતે વાહન ચેકીંગ અને દારૂ અને બીજા અન્ય ગુનાઓમાં સામેલ ગુનાહિત ઈતિહાસ ધરાવતા ઈસમોની પણ પુછતાછ કરી હતી. જયારે વેજલપુર, બંબાખાના, પીરકાંઠી, કતોપોર બજાર થઈને ફુરજા બંદર સુધી ફુટ પેટ્રોલીંગ યોજયુ હતુ. પોલીસ દ્વારા ગુનાઓમાં સંડોવાયેલા ઈસમોની પુછતાછ કરી તેમની વિગતો મેળવી હતી. પોલીસની કાર્યવાહીથી અસામાજીક તત્વોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

**DATE: 20/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### પોલીસે ચેકિંગ શરૂ કરતા નિયમન ભંગ કરનાર વાહન ચાલકોમાં ફફડાટ જોવા મળ્યો

# અંકલેશ્વર શહેરમાં ટ્રાફિક નિયમનનો ભંગ કરતા વાહન ચાલકો સામે દંડનીય કાર્યવાહી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ દ્વારા ટ્રાફિક નિયમન ભંગ કરતા વાહન ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરતા જ વાહન ચાલકો માં ફફડાટ ફેલાયો હતો.પોલીસ દ્વારા પ્રતિન ચોકડી, વાલિયા ચોકડી, મહાવીર ટર્નીંગ ત્રણ રસ્તા ખાતે ચેકિંગ શરુ કરતા જ વાહન ચાલકો માં ફફડાટ જોવા મળ્યો હતો.



અંકલેશ્વરમાં બી ડિવિઝન પોલીસે ટ્રાફિક ડ્રાઈવ હાથ ધરી હતી. પ્રતિન ચોકડી, વાલિયા ચોકડી, સહિતનાવિસ્તારોમાં હેલ્મેટ વગર ફરતા ટુ-વ્હીલર ચાલકો, ઓવર સ્પીડ, ટ્રાફિક , આર,ટી,ઓ ના નિયમો ના ભાગ કરવા બદલ વાહન ચાલકો સામે દંડની વસૂલાત કરવામાં આવી હતી. આ કાર્યવાહીથી વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો હતો.ગુજરાત હાઈકોર્ટના આદેશ બાદ રાજ્યના પોલીસ વડાએ તમામ સરકારી કચેરીમાં હેલ્મેટ ફરજિયાત કર્યું છે. હેલ્મેટ ન પહેરવાથી અકસ્માત સમયે મૃત્યુનું જોખમ વધી જાય છે. આ કારણે હાઈકોર્ટ અને પોલીસ વડાએ કડક નિર્ણય લીધો છે. પોલીસ વિભાગે આ નિયમનો ચુસ્તપણે અમલ કરાવવા માટે કમર કસી છે. નિયમિત ચેકિંગ અને દંડની કાર્યવાહી દ્વારા વાહન ચાલકોને હેલ્મેટ પહેરવા માટે જાગૃત કરવામાં આવી રહ્યા છે.

**DATE: 20/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

જિલ્લામાં અસામાજિક યાદી કરી પોલીસે પગલાં ભરવાની શરૂઆત કરી

# 12 અસામાજિક તત્વોના ઘરે વીજ ચેકિંગ એક ક્ષતિ મળતાં રૂા. 3.80 લાખનો દંડ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા તેમજ નાયબ પોલીસ અધિક્ષક સી.કે.પટેલના માર્ગદર્શન હેઠળ ભરૂચ જિલ્લામાં અલગ અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા અસામાજિક તત્વોનું લિસ્ટ બનાવી તેઓના વિરુદ્ધ 100 કલાકની અંદર કાર્યવાહી કરવા સૂચન કરવામાં કરવામાં આવ્યું હતું.

ભરૂચ શહેરી એ ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા અસામાજિક તત્વો નું લિસ્ટ સાથે રાખી 12 અસામાજીક તત્વો ના ઘરે પોલીસ ટીમ સાથે ડીજીવીસીએલ ની ટીમ ચેકિંગ કરતા અસમાજિક તત્વ નયન કિશોર કાયસ્થ ઉર્ફે બોબડાના ઘરે વીજ મીટર ચેક કરતાં વીજ મીટર રજનીકાન્ત ઠાકોરના નામે હતું તેમજ વીજ ઓવર લોડ 9.9 વધુ જોવા મળ્યો ગ્રાહકે વીજ લોડની ઓછી માંગણી કરી હતી અને મીટર માં વીજ વપરાશ ઓછો બતાવતા વધુ ચકાસણી કરતા મીટરમ છેડછાડ કરી હતી. જેથી વીજ વિભાગે મીટર અને સર્વિસ વાયર જમા લઈને 3.80 લાખ નો દંડ કરવામાં આવશે. તપાસ દરમિયાન પોલીસ વિભાગે મારવાડી ટેકરો રોટરી કલબની પાછળ, રાવડીયાવાડ નો ટેકરો ધોળીકુઈ બજાર, ઈન્દીરાનગર ઝૂપડપટ્ટી, બુરહાનપુરા ખત્રીવાડ, ફાટા તળાવ વેરાગી વાળા, લોઢવા નો ટેકરો દાંડિયાબજાર, કબીરપુરા ખત્રીવાડ અને અયોધ્યાનગર ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા અસમાજિક તત્વો ના ઘરનું વીજ મીટર તપસ્વમા આવ્યું હતું. તેમજ આગામી દિવસોમાં પણ આવા અસમાજિક તત્વો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં પોલીસ કટીબદ્ધ છે.



અસમાજિક તત્વોના વીજ મીટરની તપાસ

## તપાસમાં નયન ઉર્ફે બોબડાનું ગેરકાયદેસર બાંધકામ મળતા તોડી પડવાની દરખાસ્ત

અસામાજિક તત્વોનું લિસ્ટ બનાવી ચેકિંગ કરતાં અસમાજિક તત્વ નયન ઉર્ફે બોબડો કિશોરચંદ્ર કાયસ્થ તેણે બંગ્લા નં.એએ 46, રવીપુંજન બંગલોઝ, ઝાડેશ્વર ની સીમ ભરૂચ માં બીજા માળનું બાંધકામ ગેરકાયદે કર્યું છે. જે ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા કલેક્ટર, જિલ્લા મેજિસ્ટ્રેટને સ્ટેટ મોનિટરિંગ સેલે દરખાસ્ત કરી છે. ત્યારબાદ નયન ઉર્ફે બોબડાનું ગેર કાયદેસર નું બાંધકામ દૂર કરવામાં આવી શકે છે.

**DATE: 21/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### મહિલા પોલીસની મહત્વપૂર્ણ ભૂમિકા

# ભરૂચમાં માતાનું ત્રણ માસના બાળક સાથે મિલન કરાવાયું

| ભરૂચા

ભરૂચમાં એક માતાને તેના ત્રણ મહિનાના બાળક સાથે મિલન કરાવવામાં મહિલા પોલીસે મહત્વપુર્ણ ભૂમિકા નિભાવી છે. સાહિસ્તા એઝાઝ જાકીર પટેલ નામની મહિલાએ મહિલા પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી.

જેમાં તેણે જણાવ્યુ હતુ કે, તેના પતિ એઝાઝ પટેલ, સાસુ અને માસી સાસુ તેના ત્રણ મહિનાના બાળકને એપેક્ષ હોસ્પિટલથી લઈ ગયા હતા. ત્રણ દિવસથી બાળકને માતા સાથે મિલન થયુ ન હતુ. આ મામલે મહિલા પોલીસે તાત્કાલીક પગલા લીધા હતા.

જિલ્લા પોલીસવડા મયુર ચાવડા અને નાયબ પોલીસ અધિકારી સી.કે.પટેલના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં મહિલા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ કે.એમ.ચૌધરી અને પીએસઆઈ વી.એ.આહિરની ટીમે આ કેસ હાથ પર લીધો હતો. પોલીસે સામેવાળા પક્ષને બોલાવીને કાઉન્સેલિંગ કર્યુ હતુ.

કાઉન્સેલિંગ બાદ બાળકને તેની માતા સાહિસ્તાને સોંપવામાં આવ્યુ હતુ. માતા-બાળકના મિલન બાદ સાહિસ્તાએ મહિલા પોલીસની કામગીરીની પ્રશંસા કરી હતી. આ ઘટના મહિલા સશક્તિકરણ અને પોલીસની સંવેદનશીલ કામગીરીનું ઉદાહરણ બની રહી છે.

### સાસરિયાં બાળકને લઈને જતાં રહ્યાં હતાં

**DATE: 21/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### તમામ સામે કાયદાકીય કાર્યવાહી થશે

# અંકલે.ના 45 અસામાજિક તત્વોની યાદી તૈયાર કરાઈ

## કડક કાર્યવાહીથી અસામાજિક તત્વોમાં ભય

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ડિવિઝન ના પાંચ પોલીસ મથકોમાં કુલ 45 અસામાજિક તત્વો ની યાદી તૈયાર કરાઈ છે. 12 બુટલેગર, 3 જુગારના આરોપીઓ, 20 શરીર સંબંધી ગુનાના આરોપી, 9 મિલકત સંબંધી ગુના ના આરોપી અને 1 અન્ય આરોપીનો સમાવેશ કરાયો છે. ટૂંકમાં45 ઈસમો સામે પોલીસની કાર્યવાહી કરશે.

રાજ્યના પોલીસ વડાએ તમામ જિલ્લા પોલીસ ને 100 કલાકમાં અસામાજિક તત્વોની યાદી તૈયાર કરવા સૂચના આપી હતી. આ સૂચના અંતર્ગત ભરૂચ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ અંકલેશ્વર ડિવિઝનમાં કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.અંકલેશ્વર ડિવિઝનના પાંચ પોલીસ મથકોમાં કુલ 45 અસામાજિક તત્વોની યાદી તૈયાર કરવામાં આવી છે. આ પોલીસ મથકોમાં અંકલેશ્વર શહેર એ ડિવિઝન, બી ડિવિઝન, ગ્રામ્ય, જીઆઈડીસી અને હાંસોટ પોલીસ મથકનો સમાવેશ થાય છે.યાદીમાં સામેલ 45 આરોપીઓમાં 12 બુટલેગર, 3 જુગારના આરોપી, 20 શરીર સંબંધી ગુનાના આરોપી, 9 મિલકત સંબંધી ગુનાના આરોપી અને 1 અન્ય આરોપીનો સમાવેશ થાય છે. પોલીસે આ ગુનેગારો સામે કડક કાર્યવાહીની જાહેરાત કરી છે. તેમની ગેરકાયદેસર મિલકતો તોડી પાડવામાં આવશે. વધુમાં, જામીન પર છૂટ્યા બાદ પણ જો કોઈ અસામાજિક પ્રવૃત્તિમાં સંકળાયેલું જણાશે તો તેમના જામીન રદ કરાવવાની કાર્યવાહી કરવામાં આવશે. પોલીસની આ કડક કાર્યવાહીથી અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

**DATE: 21/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### સ્પેશિયલ ડ્રાઇવ અંતર્ગત 145 પોલીસની કુલ 29 ટીમ દ્વારા સમગ્ર જિલ્લામાં સર્ચ

# જિલ્લામાં શાળા-કોલેજ પાસે નશાયુક્ત પદાર્થ વેચાણ કરતા ઈસમો વિરુદ્ધ પોલીસની ડ્રાઈવ

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ જિલ્લા વિસ્તારમાં યુવાધન નશાના રવાડે ના ચડે તથા નશાયુક્ત પદાર્થ નુ વેચાણ અટકાવવા તથા આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ વિરૂધ્ધના કેસો શોધી કાઢી કાયદેસર કાર્યવાહી કરવા જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા ભરૂચ નાઓની સુચના અને માર્ગદર્શન આધારે પોલીસ ઈન્સ્પેક્ટર એસ.ઓ.જી દ્વારા સ્પેશિયલ ડ્રાઈવ (ઝુંબેશ) યોજવામાં આવી હતી. જે ડ્રાઈવ માં એસ.ઓ.જી.ભરૂચ ટીમ તથા એલ.સી.બી.ટીમ તેમજ ભરૂચ જિલ્લાના અલગ અલગ પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી 29 તથા પોલીસ કર્મચારી 145 સાથે અલગ અલગ કુલ 29 ટીમો બનાવી ભરૂચ જિલ્લામાં નશાકારક દ્રવ્યો ના વેચાણ વાળા વિસ્તારમાં આવેલ શાળા, કોલેજો પર સતર્કતા રાખી અસરકારક કામગીરી કરવામાં આવી તેમજ કોલેજ, હાઈસ્કૂલ ના મુખ્ય ગેટ અડચણરૂપ થાય તેવા લારી ગલ્લા દૂર કરવામાં આવેલ તેમજ શાળા, કોલેજો નજીક કાઈટ એરિયા માં આવતા પાન-બીડીના ગલ્લા ઓ ઉપર બીડી, સિગરેટ, ગુટખા જેવી તમાકુ પ્રોડક્ટ નું વેચાણ જણાઈ આવે થી ટોબેકો એકટ મુજબ પાવતી કુલ 77 રૂ. 13.700 દંડ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં હતી. આવેલ તથા પાન-બીડીના ગલ્લા ઉપર આયુર્વેદિક સીરપ / પીણાની આડમાં વેચાતા નશાકારક પીણા અને સઘન ચેકીંગ કામગીરી હાથ ધરી હતી. શાળા-કોલેજોની આસપાસ મહિલાઓ છેડતીના કોઈ બનાવો ન બને તે માટે તકેદારી રૂપે પણ ચેકીંગ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તેમજ આવનાર દિવસોમાં ગંભીર પ્રકારના બનાવ ન બને તે માટે ભરૂચ જિલ્લા પોલીસ સતત પ્રયત્નશીલ રહેશે.

**DATE: 21/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# પાલેજ ગામે મકાન પાછળ સંતાડેલા દારૂ સાથે મહિલા ઝડપાઈ

પાલેજ તા.૨૦

પાલેજ ગામે ડુંગળીપાળ ફળિયામાં મકાન પાછળથી વિદેશી દારૂના જથ્થા સાથે મહિલા ઝડપાઇ ગઇ હતી. મળતી માહિતી મુજબ પાલેજ ટાઉન વિસ્તારમાં પ્રોહિબિશન અને જુગારના કેસ શોધી કાઢવા માટે પાલેજ પોલીસ પેટ્રોલિંગમાં હતી.

તે સમયે બાતમીના આધારે પાલેજ ડુંગળીપાળ ફળિયામાં રહેતા મીના બેન ઉર્ફે મિકા મહેશ ભાઈ બેચર ભાઈ માછીના મકાનની પાછળ વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખી છૂટક વેચાણ કરતા હોવાથી પોલીસે દરોડો પાડી ઘર પાછળથી બે પ્લાસ્ટિકની થેલીમાંથી વિદેશી દારૂનો રૂ.૪૮૦૦ નો મુદ્દામાલ કબજે લીધો હતો. આ અંગે પાલેજ પોલીસે મીના ઉર્ફે મિકા માછીની ધરપકડ કરી હતી.

**DATE: 21/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### સો.મીડિયા પર દેખાડો કરવો યુવાનને ભારે પડ્યો

# ગડખોલમાં તલવાર વડે કેક કાપનાર ઈસમ ઝડપી પડાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ના ગડખોલ ગામ ખાતે આવેલ મીઠા ફેક્ટરી વિસ્તાર ના રાધેક્રિશ્ના રેસિડેન્સી ખાતે રહેતા રમણ કુમાર સિંહ કમલ કિશોર સિંહ પોતાના ઘર સામે ગત રાત્રીના જન્મ દિવસ ની જાહેર માં ઉજવણી કરી હતી. સ્થાનિક મિત્રો જોડે જાહેર માર્ગ પર ફોરવીલ કાર પર કેક મૂકી હતી. અને હવા આતીશબાજી કરી હતી. તેમજ એ ની છોળો વચ્ચે તલવાર લાવીને કેક કાપી હતી જેનો નો વિડીયો વાયરલ થયો હતો. જે વાયરલ વિડીયો સામે આવતા અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ હરકત માં આવી હતી અને વાયરલ વિડીયો જે સોશ્યલ નેટવર્ક સાઈડ પર થી અપલોડ થયો હતો. જે સાઈડ પર સરનામું શોધી કહી કેક કાપનાર ઈસમ ને ઝડપી પાડ્યો હતો. અને પોલીસે તેની પાસે થી તલવાર પણ જપ્ત કરી હતી અને બર્થ બોય એવા રમણ કુમાર સિંહ કમલ કિશોર સિંહ ની જાહેરનામા ભંગ બદલ ધરપકડ કરી હતી. અત્રે અત્રે ઉલ્લેખનીય છે કે ગત જાન્યુઆરી માં પણ ગડખોલ ગામ ના ચંડાલ ચોકડી ખાતે યુવક એ જાહેર માર્ગ પર બાઈક પર કેક મૂકી તલવાર વડે કાપી હતી.

**DATE: 21/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### હેલ્મેટ કાયદાના અમલીકરણ માટે જાહેર માર્ગ પર કવાયત શરૂ

# પોલીસ તરફથી હેલ્મેટના કાયદાના અમલીકરણ માટે પેમ્પલેટ વિતરણ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પોલીસ દ્વારા હેલ્મેટ ના કાયદા ના અમલીકરણ માટે પેમ્પલેટ વિતરણ કરાયું હતું. 5 પોલીસ મથક વિસ્તારમાં પોલીસ દ્વારા પેમ્પ્લેટ વિતરણ સાથે લોકો હેલ્મેન્ટ પ્રત્યે સભાન બને તે માટે સમજવામાં આવ્યું હતું. હેલ્મેટ કાયદો ફરજિયાત અમલીકરણ માટે પોલીસ દ્વારા પ્રથમ સરકારી કચેરીઓ અને હવે જાહેર માર્ગ પર લોકો જાગૃત કરવા કવાયત શરુ કરી હતી.



ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા આગામી 1 એપ્રિલ થી હેલ્મેટ ના કાયદા નું કડક અમલીકરણ માટે કમર કસી છે. લોકો પહેલી એપ્રિલ એ લાગુ થતા કાયદા ને એપ્રિલ ફૂલ સમજી હળવાશથી ના લે. તેમજ ટ્રાફિક નિયમન ના કાયદા અંગે જાગૃત બને તે માટે અગાઉ પોલીસ દ્વારા તમામ સરકારી કચેરી ખાતે હેલ્મેટ કાયદાના અમલીકરણ માટે ડ્રાઈવ યોજી હતી. જે બાદ હવે અંકલેશ્વર વિભાગીય પોલીસ વડા ડૉ કુશલ ઓઝા ના માર્ગદર્શન હેઠળ અંકલેશ્વર ના એ. અને બી ડિવિઝન, જીઆઈડીસી, પાનોલી અને રુલર પોલીસ મથક વિસ્તારમાં સુરક્ષા ના નિયમોનું પાલન કરો ના નેજા હેઠળ માર્ગ સુરક્ષા ના વિવિધ નિયમો નો ઉલ્લેખ કરતા પેમ્પલેટ નું વિતરણ કરવામાં આવ્યું હતું.

**DATE: 22/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# અંકલેશ્વરના કાપોદ્રા રોડ પર શંકાસ્પદ લોખંડના ભંગાર સાથે શખ્સ ઝડપાયો

અંકલેશ્વર તા. ૨૧

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે કાપોદ્રા વિસ્તારમાંથી પસાર થતા એક ફોર વહીલ ટેમ્પામાં વેસ્ટ પ્લાસ્ટીક તથા પેપર તથા શંકાસ્પદ લોખંડના ભંગાર સાથે શખ્સની અટકાયત કરી હતી.પોલીસે અંદાજે ૫૬૦ કિલો ભંગાર રૂ.૧૧,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

મળતી માહિતી મુજબ અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ રાત્રી પેટ્રોલિંગમાં હતી.તે સમયે કાપોદ્રા રોડ ઉપરથી પસાર થતા એક ટેમ્પોને અટકાવી તપાસ કરતા તેમાંથી પ્લાસ્ટિક વેસ્ટ તેમજ લોખંડનો ભંગાર ભરેલો હતો.તે અંગે ચાલકને પુછતા તે સંતોષકારક ઉતર ન આપી શકતા પોલીસે તેને અટકમાં લઇ ૫૬૦ કિલો ભંગાર રૂ.૧૧,૨૦૦ તેમજ ટેમ્પો મળી કુલ રૂ.૨,૧૧,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી હતી.પોલીસે ટેમ્પો ચાલક પ્રકાશ યાદવની અટક કરી તપાસ હાથ ધરી હતી.

**DATE: 22/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

# ચોરીના ફોન સાથે 3 ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

રાજપીપળા ચોકડી પાસેથી પોલીસે બે સગીર સહીત 3 ઈસમોને ઝડપી પાડયા હતા તેમની પાસેથી પોકો , વીવો અને રિયલમી કંપની ના 3 મોબાઈલ કિંમત 30 હજારના જપ્ત કર્યા હતા અને ચંડાલ ચોકડી નજીક આનંદ વિહાર સોસાયટી ખાતે રહેતા અવિનાશ રાય અને અન્ય બે સગીરની અટક કરી વધુ પૂછપરછ આરંભી હતી.

**DATE: 22/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

રાજ્ય પોલીસ મહાનિર્દેશકની સૂચનાને પગલે

# ભરૂચ પોલીસ દ્વારા અસામાજિક તત્વો સામે કાર્યવાહી કરાઈ

## મારવાડી ટેકરા પર ગેરકાયદે કેબિનનું દબાણ દૂર કરાયું

। ભરૂચ ।

ભરૂચ શહેર એ.ડીવીઝન પોલીસ દ્વારા તેમના વિસ્તારમાં રહેતા અસામાજીક તત્વો પર કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેના ભાગરૂપે આજરોજ પોલીસે મારવાડી ટેકરા પર રહેતા બુટલેગરની ગેરકાયદેસર મુકેલી કેબિન પર હથોડો ચલાવી દબાણ દુર કરવામાં આવ્યા છે જેને લઈને અસામાજીક ગુંડા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં અમુક અસામાજીક તત્વોએ હથિયારો સાથે આંતક મચાવનાર લુખ્ખા તત્વોને સબક શીખવ્યા બાદ સમગ્ર રાજયની પોલીસ એકશનમાં આવી છે જેમાં રાજય પોલીસવડા વિકાસ સહાયે રાજયમાં ૧૦૦ કલાકમાં જ અલગ અલગ જિલ્લાઓમાં ગુનાખોરી સાથે સંકળાયેલા લુખ્ખાઓનું લીસ્ટ તૈયાર કર્યુ છે જે પૈકી જે ગુનેગારોએ ગેરકાયદે બાંધકામ ખડકયા હોય કે વીજચોરી કરતા હોય તેની સામે પોલીસ એકશન લેવાનું શરૂ કરી દીધું છે. જેના ભાગરૂપે ભરૂચ શહેર એ.ડીવીઝન પોલીસ ૧૯ માર્ચના રોજ પહેલા તેમના વિસ્તારના ૧૩ જેટલા અસામાજીક ગુંડા તત્વોના ઘરે ડીજીવીસીએલની ટીમ સાથે વીજ જોડાણો તપાસ કરી હતી જેમાં રાજયનો કુખ્યાત બુટલેગર નયન ઉર્ફે બોબડો કિશોરભાઈ કાયસ્થના ઘરેથી અંદાજીત રૂા.૩.૮૦ લાખનો વીજ ઓવર લોડ ઝડપાઈ હતી. જયારે આજે શુક્રવારના રોજ પોલીસે ચુસ્ત બંદોબસ્ત સાથે શહેરના મારવાડી ટેકરા પર રહેતા હનીફ ઉર્ફે અન્નુ ઈમરાનશા દિવાનના ત્યાં પાલિકાની દબાણ શાખા સાથે પહોંચી ગેરકાયદેસર મુકેલી કેબિન પર હથોડો ચલાવી દબાણમાં આવતી કેબીન તોડી નાખવાની કામગીરી હાથ ધરાઈ હતી. પોલીસની એકશન કામગીરીને લઈને અસામાજીક તત્વોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.



ભરૂચ પોલીસ દ્વારા ગેરકાયદે દબાણો દૂર કરાયા હતાં.

**DATE: 22/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### જંબુસરમાં લોક દરબાર દરમિયાન ખરાબ રસ્તા સહિતના પ્રશ્ને રજૂઆત કરાઇ

# કોઈની રોજગારી ન છીનવાય અને નિર્દોષોને તકલીફ ન પડે તે રીતે કાર્યવાહી થશે : એસપી

ભાસ્કર ન્યૂઝ | જંબુસર

પોલીસ વડા મયુર ચાવડાની અધ્યક્ષતામાં જંબુસર પોલીસ સ્ટેશન ખાતે લોકદારબારમાં જંબુસર પાલિકાના વિપક્ષ નેતા શકિર મલેક દ્વારા નગરની અંદરસીસીટીવી કેમેરા મુખ્ય સ્થળોએ લગાવવા માટે રજૂઆત કરાઈ હતી. જ્યારે દિનેશભાઈ અધ્વર્યુએ જંબુસરના મુખ્ય બજારમાં ટ્રાફિકની સમસ્યા અંગે રજૂઆત કરી હતી, જોકે આ અંગે દીનેશભાઈએ ગત વખતે યોજાયેલ લોકદારબારમાં ટ્રાફિક સમસ્યા અંગે રજૂઆત કરી હતી પરંતુ હજુ સુધી તે સમસ્યા ઠેરની ઠેર જોવા મળતા આ વાતનો ઉલ્લેખ પણ કર્યો હતો. વિરેન શાહ દ્વારા એસટી ડેપોથી ટંકારી ભાગોળના મુખ્ય રસ્તાની આસપાસના થતાં ભારે વાહનો પાર્કિંગ કરવામાં આવતા હોવાથી સમસ્યા ઊભી થાય છે જેને લઈને અગાઉ પણ પોલીસ સ્ટેશનમાં રજૂઆત કરાઈ હતી પરંતુ કાયમી સમસ્યા દૂર ન થવાની પણ વાત કહી હતી અને આ પ્રશ્નનો કાયમી નિરાકરણ લાવવા માટે માંગ કરી હતી. આ સહિત હાજર તમામ લોકોએ નગરની સમસ્યા અને નિરાકરણ અંગે વિચારો રજૂ કર્યા હતા.



જંબુસરમાં એસપીએ પોલીસ પરેડનું નિરિક્ષણ કર્યું હતું.

**DATE: 22/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

### 10 હિસ્ટ્રી શીટરોને ત્યાં પોલીસની તપાસ : 54 હજારનો દંડ પણ ફટકારાયો

# વાલિયા તાલુકામાં 5 અસામાજિક તત્વોના નિવાસે ડાયરેકટ વીજજોડાણો ઝડપી પડાયાં

ભાસ્કર ન્યૂઝ | વાલિયા

વાલિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા અસામાજીક ગુંડા તત્વોનું લિસ્ટ બનાવી તેની વિરુધ્ધ 100 કલાકની અંદર કાર્યવાહી કરવાના આદેશ અંતર્ગત 10 અસામાજીક તત્વોનું લિસ્ટ તૈયાર કરી તેના ઘરે વિજ કનેકશન તપાસ કરવા ડીજીવીસીએલ વાલિયાની ટીમને સાથે રાખી કાર્યવાહી કરતા પાંચ બૂટલેગરો અને અસામાજિક તત્વોને ત્યાં ગેરકાયદેસર વીજ વપરાશ અને મીટર પણ હતા નહીં જેથી આ પાંચને 54 હજારનો દંડ તેમજ ડીજીવીસીએલ વીજ કંપનીનો એક્ટ 135 મુજબ કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે તૈયાર કરેલ અસામાજીક ગુંડા તત્વો અને બુટલેગર લિસ્ટ મુજબ અરૂણ વસાવા (પણસોલી) 4 ગુના નોંધાયા છે. ધર્મેશ વસાવા ( જુના ભાગા) 4 ગુના, ધર્મેશ ઉર્ફે ધર્મો વસાવા( રામપરા) 5 ગુના,



દિપક ઉર્ફે દીપ્સ વસાવા ( રામપરા ) 4 ગુના, કમલેશ વસાવા (વાંદરીયા) 2 ગુના અગાવ નોંધાયા છે આ ઉપરોક્ત ગુનાહિત ઈતિહાસ ધરાવે છે જેમને ત્યાંથી ગેરકાયદેસર વીજ જોડાણ અને મીટર નહી હોવા તેમજ વીજચોરી પકડાય હતી જેથી 54 હજારનો દંડ કરી અન્ય કાર્યવાહી કરી હતી જ્યારે સાહીલ વસાવા, નરેશ વસાવા (પીઠોર) રમેશ માધુભાઈ વસાવા( મેરા) અને વિશાલ વસાવા (જુના ભાગા) મેહુલ વસાવા (જુના ભાગા) ને ત્યાંથી વીજચોરી ઝડપાય નથી તેની વિરુદ્ધ ગુનાઓના આધારે તપાસ કરી કાર્યવાહી કરવામાં આવશે.

**DATE: 22/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

## નાની દમણના કારચાલકની ધરપકડ

# અંકલેશ્વર નજીકથી કારમાંથી રૂા.1.86 લાખનો દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



ભરૂચ એલસીબી પોલીસે અંકલેશ્વર પાસે ના નેશનલ હાઈવે ઉપર જી.એમ .દેસાઈ પેટ્રોલ પંપ સામે વોચ ગોઠવી હતી દરમ્યાન કાર આવતા તેને કોર્ડન કરી ને રોકી હતી. તલાસી લેતા ઈંગ્લીશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે મૂળ ભાવનગર અને હાલ નાની દમણ ખાતે રહેતા કાર ચાલક દિપક જયંતી ડોડીયા ની ધરપકડ કરી હતી,અને કાર માંથી રૂપિયા 1.86 લાખનો દારૂનો જથ્થો અને 5 લાખ ની કાર તથા એક મોબાઈલ મળી કુલ રૂપિયા 6.96 લાખનો મુદ્દામાલ જપ્ત કરી આ ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી આપનાર દમણ ના અજય સોની ને વોન્ટેડ જાહેર કરી તેની વિરુદ્ધ અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી વધુ તપાસ આરંભી હતી.

**DATE: 22/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

### વાલિયા રોડ પર સિલ્વર લીફમાં તપાસ

# અંકલેશ્વરની હોટલના મેનેજર સામે જાહેરનામા ભંગનો ગુનો

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની સિલ્વર લીફ હોટલ સંચાલકે પથિક સોફ્ટવેર માં એન્ટ્રી ના કરતા ગુનો દાખલ કર્યો હતો. એસ.ઓ.જી પોલીસ દ્વારા હોટલ ખાતે સર્ચ કરતા રજીસ્ટર અને ઓનલાઈન સોફ્ટવેર માં એન્ટ્રી ના કરી હોવાનું સામે આવ્યું હતું. હોટલ મેનેજર સામે પોલીસ મથકે ગુનો દાખલ કરતા પોલીસે વધુ તપાસ આરંભી હતી. અંકલેશ્વર જીઆઈડીસી વાલિયા રોડ વિસ્તારમાં આવેલી સિલ્વર લીફ હોટલ ખાતે એસ.ઓ.જી પોલીસ ની ટીમ પહોંચી હતી. જ્યાં પોલીસ દ્વારા તમામ મુસાફરો ની ઓનલાઈન એન્ટ્રી માટે સરકારી વેબ ડિઝાઈન કરેલ પથિક સોફ્ટવેર માં હોટલમાં રોકાણ કરતા લોકો ની એન્ટ્રી અને તેના દસ્તાવેજી પુરાવા લોડ કરવા ના હોય છે. જે અપલોડ કર્યા ન હતા તેમજ એન્ટ્રી પણ પાડી ન હતી.

જે અંગે ભરૂચ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પાડેલ જાહેરનામા નો ભંગ થતા એસ.ઓ.જી પોલીસે હોટલ મેનેજર પરેશ રમેશ હરિજન સામે જીઆઈડીસી પોલીસ મથકે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**DATE: 22/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

### ત્રણ સાગરીતોને નેત્રંગ પોલીસે ફરાર જાહેર કરી શોધખોળ આરંભી

# ભોટનગરમાં પલંગની અંદર સંતાડેલી 696 બોટલ સાથે બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | નેત્રંગ

નેત્રંગ પોલીસે બાતમીના આધારે રાજપારડી રસ્તા પર આવેલ ભોટનગર ગામની નવી વસાહતમાંથી વિદેશી દારૂનો વેપલો કરતો બુટલેગરને રંગે હાથ 1.16 લાખના વિદેશી દારૂ સાથે તેના જ ઘરમાંથી ઝડપી પાડ્યો છે જ્યારે તેના અન્ય ત્રણ સાગરીતોને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે.



નેત્રંગ પોલીસ નેત્રંગ રાજપારડી રસ્તા પર પેટ્રોલીંગમાં હતી ત્યારે તેને બાતમીદારથી બાતમી મળેલ કે ભોટનગર નવી વસાહતમાં રહેતો જયંતી વસાવાએ તેના ઘરમાં ઇંગ્લીશ દારૂનું વેચાણ કરવા દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે આ બાતમી આધારે રેઈડ કરતા જયંતી વસાવાના ઘરમાં તપાસ કરતાં ઘરની અંદર પેટી પલંગમાં શોધખોળ કરતા અલગ અલગ બ્રાંન્ડની વિદેશી દારૂની નાની મોટી બોટલો 696 નંગ કિંમત 1.16 લાખ અને વીવો કંપનીનો મોબાઈલ 5 હજાર મળી કુલ 1.21 લાખ મુદ્દામાલ સાથે રંગેહાથ પકડી કાયદેસર કાર્યવાહી કરી તેના સાગરીતો વાસુદેવ વસાવા રહે માલજીપરા ,રોહીત ઉર્ફે અજય વસાવા રહે ગુંડેચા અને રોશન વસાવા રહે કપાટને વોન્ટેડ જાહેર કર્યા છે.

**DATE: 23/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ઝઘડિયા તાલુકામાં અસામાજીક તત્વો સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી

# તલોદરાના બૂટલેગરનો જીઆઈડીસીમાં આવેલો ગેરકાયદેસર ગલ્લો તોડી પડાયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના તલોદરા ગામના બુટલેગરના જીઆઈડીસી વિસ્તારમાં આવેલાં પાનના ગલ્લાને પોલીસે તોડી નાંખ્યો છે. વસ્ત્રાલમાં હોળીના દિવસે અસામાજીક તત્વોએ ખુલ્લેઆમ હથિયારો સાથે નીકળી આતંક મચાવી દેતાં પોલીસની આબરૂના ધજાગરા ઉડી ગયાં હતાં. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી રહી હોવાથી ગૃહ વિભાગે ઘટનાની ગંભીરતાથી નોંધ લીધી હતી. ભરૂચ શહેર બાદ હવે ઝઘડિયામાં અસામાજીક તત્વો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઝઘડિયા જીઆઇડીસી પીએસઆઇ પી.કે.રાઠોડ તથા તેમની ટીમે તલોદરા ગામ ખાતે રહેતા વિમલ ઉર્ફે નિર્મલ વસાવાએ જીઆઈડીસીમાં ગેરકાયદેસર દબાણ કરી દુકાન(ગલ્લો) બાંધીને તેમાં દેશી દારૂનું વેચાણ કરતા પકડાયેલ હોવાથી તેની સામે કાર્યવાહી હાથ ધરી હતી. જીઆઈડીસી નોટિફાઈડ વિભાગની ટીમ સાથે મળીને ગલ્લો તોડી પાડવામાં આવ્યો હતો.



ઝઘડિયામાં બુટલેગરનો ગલ્લો તોડી નંખાયો હતો.

**DATE: 23/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATAMITRA PAGE-07**

# સુરતના કઠોદરાથી વોન્ટેડ આરોપીની ધરપકડ

ભરૂચઃ ભરૂચ LCBએ વાલિયા વિસ્તારમાં છેતરપિંડીના કેસમાં ફરાર આરોપી સિરાજ મુસા સિદાતની ધરપકડ કરવામાં આવી હતી. ઝડપાયેલા આરોપી સિરાજ સામે વાલિયા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલો હતો. પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ પોતાના ગુનાની કબૂલાત કરી હતી. આરોપીને વાલિયા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો હતો.



**DATE: 23/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### છોટા ઉદેપુર પોલીસે મ.પ્ર.ના ચોરને ઝડપી પાડયો

# બાઈક ચોરીમાં ભાગેલ તસ્કર મીઠીબોર નજીકથી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસીમાંથી બાઈક ચોરી ફરાર થયેલ ચોર મીઠીબોર ચેકપોસ્ટ પર પોલીસે ઝડપી પાડ્યો હતો. સારંગપુરમાં રહેતા દેવનારાયણત્રિપાઠીન ની બાઈકની ઉઠાંતરી થતાં તેમણે પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

ગત રોજ છોટાઉદેપુર પોલીસ ટીમ મધ્યપ્રદેશને જોડતી બોર્ડર પર મીઠી બોર ચેકપોસ્ટ પર હતા તે દરમિયાન છોટાઉદેપુર ખાતે શેર કુવા ગામ ખાતે રહેતો 19 વર્ષીય ભુરા નાયકાબાઈક લઈ આવતા તેને ઉભો રાખ્યોહતો. અને બાઈક અંગે જરૂરી દસ્તાવેજો માંગતા ગલ્લા-તલ્લાકરવા લાગ્યો હતો. પોલીસે એપ્લીકેશનમાં તપાસ કરતાં આ બાઈક અંકલેશ્વરમાં રજીસ્ટર થયેલી હોવાની વિગતો સામે આવતાં આ બાઈક ચોરીની હોવાનું માની યુવાનની પૂછપરછ આદરી હતી જેમાં તેણે સારંગપુરમાંથી બાઈકની ઉઠાંતરી કરી હોવાની કબૂલાત કરી હતી. અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે આરોપીનો ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવ્યો છે.

**DATE: 23/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### અંદાડા, ઝાડેશ્વર,રાજપીપળાથી જુગાર રમવા ઝઘડિયા આવ્યા

# ઝઘડિયાના ઝમઝમ એપાર્ટમેન્ટમાં જુગાર રમતા સાત ખેલી ઝડપાયા

## રોકડ, બાઈક, ગાડી મળી ૩.૯૬ લાખનો મુદ્દામાલ કબજે કરાયો

। ઝઘડિયા ।

ઝઘડિયા ઝમઝમ એપાર્ટમેન્ટમાં ચાલતા જુગારધામ પર પોલીસે દરોડા પાડતાં વેલુગામ તેમજ ઝાડેશ્વર અને નર્મદા જિલ્લાના રાજપીપલાથી જુગાર રમવા આવેલા ખેલીઓ ઝડપાયા હતા. પોલીસે રૂા.૩.૯૬ લાખ નો મુદ્દામાલ કબજે લઈ કાર્યવાહી હાથ ધરી છે.

ઝઘડિયા પીઆઈ એન.આર. ચૌધરી અને પોલીસ સ્ટાફ દ્વારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ જુગારના કેસ ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દરમિયાન ગત મોડી રાત્રે પોલીસે બાતમીના આધારે ઝમઝમ એપાર્ટમેન્ટમાં ચાલતા જુગારધામ ઉપર દરોડા પાડયા હતા. ત્રીજા માળે રહેતો ફારૂક રહીમ શેખ ત્હારજીતનો જુગાર રમાડે છે. બાતમી મુજબના સ્થળે જઈને રેઈડ કરતા સાત ઈસમો ને જુગારની રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા. ફારૂક રહીમ શેખ, મીલનભાઈ નિલકંઠ શર્મા, વિક્રમભાઈ ઉદેસીંગભાઈ સિંધા, ફીરોઝભાઈ કાસમભાઈ ગરાસીયા, મુસ્તાક કરીમભાઈ મંસુરી, અમજદભાઈ ગુલામભાઈ મંસુરી, ઈકબાલભાઈ રહીમભાઈ સિંધીને કુલ ૩.૯૬ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લઈને કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 23/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### જંબુસર પોલીસ સ્ટેશન ખાતે પોલીસ વડાનું વાર્ષિક ઈન્સ્પેકશન યોજાયું

# પહેલી એપ્રિલથી હેલ્મેટ નહીં પહેરનારાને દંડ

**ઈન્સ્પેકશન**

## મુખ્ય સ્થળો એ અંદર cctv કેમેરા લગાવવા માટે રજૂઆત કરાઈ

। જંબુસર ।

જંબુસર પોલીસ સ્ટેશન ખાતે જીલ્લા પોલીસ વડાનુ વાર્ષિક ઈન્સ્પેકશન પ્રસંગે પોલીસ વડા મયુર ચાવડાએ પોલીસ પરેડનુ નિરીક્ષણ કરી આગેવાનોની ઉપસ્થિતિમા લોક દરબાર યોજ્યો હતો. જેમાં આ ઉપરાંત પહેલી એપ્રિલથી હેલ્મેટ વગર બાઈક ચલાવનાર સામે દંડાત્મક કાર્યવાહી કરવાની ઝુંબેશ હાથ ધરાશે તેમ જણાવ્યું હતું.

જંબુસરના લોક દારબારમાં જંબુસર પાલિકાના વિપક્ષ નેતા શકિર મલેક દ્વારા નગરમા મુખ્ય સ્થળોએ અંદર CCTV કેમેરા લગાવવા માટે રજૂઆત કરાઈ હતી. જ્યારે દિનેશભાઈ અધ્વર્યુએ બજારમાં ટ્રાફિકની સમસ્યા અંગે રજૂઆત કરી હતી, ભાજપ અગ્રણી વિરેન શાહ દ્વારા એસટી ડેપોથી ટંકારી ભાગોળના મુખ્ય રસ્તાની આસપાસના થતાં ભારે વાહનો પાર્કિંગ કરવામાં આવતા હોવાથી સમસ્યા ઊભી થાય છે જેને લઈને અગાઉ પણ પોલીસ સ્ટેશનમાં રજૂઆત કરાઈ હતી પરંતુ કાયમી સમસ્યા દૂર ન થવાની પણ વાત કહી હતી અને આ પ્રશ્નનો કાયમી નિરાકરણ લાવવા માટે માંગ કરી હતી. આ સહિત હાજર તમામ લોકોએ સમસ્યા અને નિરાકરણ અંગે વિચારો રજૂ કર્યા હતા.

રજૂઆત બાદ જિલ્લા પોલીસ વડાએ જણાવતા કહ્યું હતું કે, CCTV રાજ્ય સરકારનો અભિગમ છે અને જંબુસરમાં પ્રાથમિકતા આપી અને CCTV લગાવવાનું કામ શરૂ કરીશું. શહેરના અને રસ્તા વચ્ચે કરાતા દબાણો પણ દૂર કરવાની કાર્યવાહી હાથ કરવામાં આવશે. જંબુસર નગર પર લાગેલું સેન્સેટીવનું લેબલ હવે જૂની વાત થઈ ગઈ છે. અહિયાં ભાઈચારો જોવા મળી રહ્યો છે. અસામાજિક તત્વો પણ અમારી નજરમાં છે. તેમના સામે પણ કાર્યવાહી કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં વીએચપી ના ભુપેન્દ્રભાઈ પંચાલ દ્વારા જિલ્લા પોલીસ વડાને શાલ ઓઢાવીને સન્માન કરાયું હતું. આ પ્રસંગે જંબુસર ના વિભાગીય પોલીસ અધિક્ષક પી.એલ ચૌધરી,જંબુસર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એ.વી. પાનમિયા, પીએસઆઈ, સહિત પોલીસકર્મીઓ પણ હાજર રહ્યા હતા.

### આમોદ પોલીસ મથકે લોકદરબાર યોજાયો

જંબુસર : આમોદ પોલીસ મથકે પણ જીલ્લા પોલીસ વડા મયુર ચાવડાના અધ્યક્ષ સ્થાને લોક દરબારમાં ખેતીવાડી બજાર સમિતીના ચેરમેન સુરેશ પટેલે કરેણા આઉટ પોસ્ટ ઉપર બેરિકેટ લગાવવા રજુઆત કરી હતી. તાલુકા કોંગેસ સમિતિના પ્રમુખ નરેન્દ્ર પટેલ ઉર્ફે કાજીએ દારૂનું દૂષણ દૂર કરવા રજુઆત કરી હતી. તાલુકા ભાજપનાં મહામંત્રી ડૉ. પ્રવિણસિંહ રાઉલજીએ દિવસ દરમિયાન હેઝાર્ડ વેસ્ટ લઈ જવા ઉપર નિયંત્રણ કરી રાત્રી સમયે વહન કરવાની રજુઆત કરી હતી.

**DATE: 23/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### અસામાજિક તત્વો સામેના અભિયાનમાં વીજ જોડાણો કાપવા અને દબાણો દૂર કરાયાં

# ભરૂચમાં પોલીસના 100 કલાક : 61ની અટકાયત, 23 સામે તડીપારની દરખાસ્ત

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચમાં પોલીસ 100 કલાકથી અસામાજીક તત્વોની શાન ઠેકાણે લાવવા માટે દોડધામ કરી રહી છે. વિશેષ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં 61 આરોપીની અટકાયત કરવામાં આવી છે જ્યારે કુખ્યાત આરોપીઓને તડીપાર કરવા માટે 23 દરખાસ્ત કરવામાં આવી છે.

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે 100 કલાકમાં અસામાજિક તત્વોની યાદી તૈયાર કરી તેમના વિરુદ્ધ પગલા ભરવાના આદેશ અપાતા ભરૂચ પોલીસ દ્વારા સ્પેશિયલ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી જેમાં અત્યાર સુધી પોલીસ દ્વારા કુખ્યાત આરોપીઓને તડીપાર કરવા 23 દરખાસ્ત કરવામાં આવી છે. આ ઉપરાંત અસામાજિક તત્વોના મકાનમાં વીજ ચેકિંગ દરમિયાન ૨૨ પોલીસ ફરિયાદ દાખલ કરી 10.37 લાખનો દંડ પણ વસૂલ કરાયો છે. આ તરફ 11 આરોપીઓના જામીન ૨૬ કરાવવામાં આવ્યા છે જ્યારે 61 આરોપીઓ સામે અટકાયતી પગલા ભરવામાં આવ્યા છે. અસામાજિક તત્વો દ્વારા ઉભા કરાયેલ ગેરકાયદેસર દબાણો પોલીસ દ્વારા દૂર કરવાની પણ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૧૨ અસામાજિક તત્વોના મકાનમાં ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરાઈ હતી.પોલીસની મેગા ડ્રાઈવના પગલે અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાયો છે. બે દિવસ પહેલાં ભરૂચ શહેરમાં 3 સ્થળોએ ગેરકાયદે દબાણો દૂર કરી દેવાયાં હતાં.

**DATE: 23/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

# ગડખોલ ગામે મોબાઈલની ચોરી કરનાર ૩ની ધરપકડ

। અંકલેશ્વર ।

અંકલેશ્વરના ગડખોલ ગામના અવધૂત નગરમાંથી ચોરી થયેલ મોબાઈલ સાથે બી ડીવીઝન પોલીસે ૨ સગીર સહિત ૩ આરોપીઓની ધરપકડ કરી છે.

ગત તારીખ-૧૫મી માર્ચના રોજ રાતે ૧૦ કલાકે અંકલેશ્વરના ગડખોલ ગામના અવધૂત નગરમાં રહેતી પ્રિયંકાકુમારી સંજય મહેતા પોતાના ઘરે જમી પરવારી સુઈ ગઈ હતી તે દરમિયાન અજાણ્યા ઈસમે ઘરની બારીમાંથી હાથ નાખી દરવાજાની સ્ટોપર ખોલી અંદર પ્રવેશ કર્યો હતો .

ઘરમાં રહેલ ૧૦ હજારની કીમતનો મોબાઈલ ફોનની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.ચોરી અંગે અંકલેશ્વર બી ડીવીઝન પોલીસે ગુનો નોંધી રાજપીપળા ચોકડી ગડખોલ ગામની ચંદાલ ચોકડી સ્થિત આનંદ વિહાર સોસાયટીમાં રહેતો અવિનાશ રાજેશ રાયને ઝડપી પાડ્યો હતો.

**DATE: 23/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### ભરૂચના મક્તમપુરમાં ફરિયાદી જ આરોપી નિકળ્યો

# કર્મચારીએ ઓફિસના નાણાં ચોરી બેગની લૂંટ થયાની વાર્તા બનાવી

## પોલીસે નાણાં સાથે રૂા. ૧.૧૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

। અંકલેશ્વર ।

ભરૂચમાં મકતમપુર જીલ્લા પંચાયત કોલોની પાસે બનેલા બેગ સ્નેચિંગના ગુનામાં પોલીસે પોતાના ઓફિસના નાણાની ચોરીની વાર્તા બનાવતા ફરિયાદીને પોલીસે ઝડપી પાડી તેના વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચના સી ડિવીઝન પોલીસ મથકમાં ફરીયાદી સરફરાજ મન્સુરી તથા તેની ઓફીસમાં કામ કરતા કર્મચારી અબરાર કલમવાળાને સાથે રાખી ગુનાવાળી જગ્યા ઉપર જઈ આજુબાજુમાં સી.સી. ટી.વી કેમેરા બાબતે તપાસ કરી અબરારની વિગતવાર પુછપરછ કરીહતી. જેમાં તેણે જણાવેલા સ્થળ અને સમય મુજબના સી. સી.ટી.વી ફૂટેજ ચેક કરતા કોઈ વિગત સી.સી. ટી.વી ફુટેજમાં જણાઈ નહી આવી હતી. જેથી પોલીસે અબરાર કલમવાળાને પોલીસ મથક ખાતે લાવી કડક પૂછતાજ કરતા તે ભાગી પડ્યો હતો. આ મામલે તેણે જણાવ્યું હતું કે,તેના માથા ઉપર વધારે દેવુ થઈ ગયું હોય અને પોતાને રૂપીયાની સખત જરૂરીયાત હોય જેથી પોતે દિવસ દરમ્યાન કલેક્શન કરેલા ઓફીસના નાણા ચોરી કરવાનુ નક્કી કર્યા બાદ પોતાના બેગમાંથી કલેક્શનના રૂપીયા કાઢી લઈ પોતાની મોટર સાયકલની સીટ નીચે છુપાવી અને બેગ રસ્તામાં ફેકી દીધી હતી.આ મામલે પોલીસે રૂપીયા ૮૪૫૦૦ મળી આવેલા તેમજ રસ્તામાં ફેકેલી બેગ પણ મળી આવી હતી. પોલીસે મોટર સાયકલ, મોબાઈલ મળીને કુલ રૂ.૧,૧૯,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 23/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### રાજપારડી પોલીસની અસામાજિકો સામે તવાઈ

# ભરૂચ જિલ્લામાં અસામાજિક તત્વો સામે કાર્યવાહી હાથ ધરાઈ

## ૧૦ ઘરોમાં વીજ ચેકિંગ કરી રૂા.૧.૪૮ લાખનો દંડ ફટકાર્યો

| ભરૂચ

ભરૂચ જિલ્લામાં અલગ અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા અસામાજીક પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમોનું લીસ્ટ બનાવી તેઓના વિરૂધ્ધ ૧૦૦ કલાકની અંદર કાર્યવાહી કરવા સુચના મળી છે.

જે આધારે રાજપારડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા અસામાજીક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ઈસમોનું લીસ્ટ તૈયાર કરી તેઓના ઘરે વીજ કનેકશન બાબતે તપાસ કરવા સારૂ ડીજીવીસીએલ રાજપારડીના અધિકારીઓની ટીમ સાથે રાખી રાજપારડી પોલીસ સ્ટેશન વિસ્તારના અસામાજીક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ઈસમો જેમાં અયજ વસાવા, અશોક વસાવા, નિમેશ ઉર્ફે ભુરીયો વસાવા, સુનિલ ઉર્ફે બુલ્લી વસાવા, મુઝાઈન ઉર્ફે મુજ્જુ શેખ, પ્રકાશ વસાવા, ધર્મેશ વસાવા, વિજય વસાવા, દિનેશ વસાવા, બચુ વસાવાના ઘરોમાં તપાસ હાથ ધરી હતી.

જેમાં અજય સોમાભાઈ વસાવાના ઘરે વીજ કનેકશન ગેરકાયદેસર જણાતા ડીજીવીસીએલ અધિકારીઓએ રૂા.૭૭,૭૭૨ દંડ વસુલવા ચેકીંગ સ્થળ સીટ ઉપર ભરી વીજ મીટર તથા સર્વિસ વાયર જમા લીધેલ છે. સુનિલ ઉર્ફે બુલ્લી મયજીભાઈ વસાવાના ઘરે વીજ કનેકશન ગેરકાયદેસર જણાતા રૂા.૧૪૮૧૫ દંડ વસુલવા ચેકીંગ સ્થળ સીટ ઉપર ભરી સર્વિસ વાયર જમા લીધેલ છે. મુઝાઈન ઉર્ફે મુજ્જુ ફીરોઝ શેખના ઘરે વીજ કનેકશન ગેરકાયદેસર રૂા.૨૨૪૮૨ દંડ વસુલવા ચેકીંગ સ્થળ સીટ ઉપર ભરી વાયર જમા લીધેલ છે. દિનેશ વસાવાના ઘરે વીજ કનેકશન ગેરકાયદેસર જણાતા રૂા.૯૬૭૭ દંડ વસુલવા ચેકીંગ સ્થળ સીટ પર ભરી વીજ મીટર તથા સર્વિસ વાયર જમા લીધેલો છે. તેમજ સદર વીજ ચેકીંગ દરમ્યાન નવા માલજીપુરા ખાતે ભદ્રેશ વસાવાના ઘરે વીજ કનેકશન ગેરકાયદેસર જણાતા રૂા.૨૩૮૬૦ દંડ વસુલવા ચેકીંગ સ્થળ સીટ ઉપર ભરી સર્વિસ વાયર જમા લીધેલો છે.